# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૧૬/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,



(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા બીજી ઓનલાઇન 'મેડીકલ કોન્ફરન્સ' યોજાઇ

## નિષ્ણાંત તબીબોએ કોવિડ– ૧૯માં ડાયાબિટીઝ, પેટની સમસ્યાઓ, સેકન્ડ વેવમાં મેનેજમેન્ટ પ્રોટોકોલ કોવિડ તથા મ્યુકરમાઇકોસિસના કારણો, નિદાન, સારવાર અને તેના નિવારણ વિશે વિસ્તૃતપણે માહિતી આપી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગત રવિવારે યોજાયેલી પ્રથમ ઓનલાઈન મેડીકલ કોન્ફરન્સ બાદ આજે રવિવાર, તા. ૧૬ મે ૨૦૨૧ના રોજ બીજી ઓનલાઇન 'મેડીકલ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લંડનથી ઓનલાઇન જોડાયેલા ડો. કલ્યાણ શેખડા તથા સુરતથી ગેસ્ટ્રો સર્જન ડો. રોનક માલાની, ચેસ્ટ ફિઝીશ્યન એન્ડ આઇ.સી.યુ. સ્પેશ્યાલિસ્ટ ડો. ચંદ્રકાંત ઘેવરીયા અને ડાયાબિટોલોજિસ્ટ એન્ડ એન્ડોક્રાઇન સ્પેશ્યાલિસ્ટ ડો. નિશ્ચલ ચોવટીયાએ કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં કોવિડ– ૧૯થી તથા તેને કારણે થતી વિપરીત અસરથી બચવા માટે રાખવામાં આવતી સાવચેતી વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. કલ્યાણ શેખડાએ કોરોનાની બીજી લહેરની તિવ્રતા રોકવામાં કયાં ભૂલ થઇ હોઇ શકે તે અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાની પહેલી લહેર બાદ લોકોએ એવું માની લીધું હતું કે હવે કોરોના નહીં આવે. આથી મોટા ભાગના લોકોએ સોશિયલ ડિસ્ટન્સીગ જાળવવાનું અને માસ્ક પહેરવાનું બંધ કરી દીધું હતું. પ્રવાસ, હોલિડે કે પછી લગ્ન તથા અન્ય સોશિયલ ફંકશન એટેન્ડ કરવાનું શરૂ કરી દીધું હતું. કોરોનાથી

બચવા માટે સરકાર લોકોને વેકસીન લેવાનું કહેતી રહી તેમ છતાં લોકોએ સરકારની આ બાબતને ગંભીરતાથી લીધી ન હતી. જેને કારણે કોરોનાની બીજી લહેરમાં લોકો મોટી સંખ્યામાં સપડાઇ ગયા છે.

૧૯૧૮માં સ્પેનિશ ફલૂએ આખા વિશ્વને બાનમાં લઇ લીધું હતું. તે વખતે પણ સ્પેનિશ ફલૂની પહેલી લહેર કરતા બીજી લહેર વધારે તિવ્ર હતી. હવે જ્યારે કોરોનાએ વિશ્વના દરેક દેશોને બાનમાં લીધા છે ત્યારે હજી ત્રણથી ચાર વર્ષ સુધી કોરોનાની સ્થિતિ બની રહેશે એવી સંભાવના જણાઇ રહી છે. આથી કોરોનાની ત્રીજી લહેરથી બચવા માટે અત્યારથી જ કાળજી રાખવી હિતાવહ રહેશે. એના માટે દરેકે કોવિડ– ૧૯ની સરકારની ગાઇડલાઇનનું ચુસ્તપણે પાલન કરવું જ પડશે. હાલ કોરોનાના ચેપથી બચવા માટે વેકસીન લેવી જરૂરી છે.

ડો. રોનક માલાનીએ કોવિડ–૧૯ દરમ્યાન દર્દીઓને પેટમાં થતી જુદી–જુદી તકલીફ વિશે માહિતી આપી હતી. તેમણે કોરોનાના દર્દીઓને પેટમાં દુઃખાવો થવો, ઝાડા થવા, ઉલટી થવી અને એ સિવાય અન્ય કોમ્પ્લીકેશન્સ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે કહયું કે, કોવિડ દરમ્યાન સ્વાદુપિંડમાં સોજો આવવો અને આતરડાની લોહીની નસોમાં બ્લોકેજ થવું વિગેરે પરિસ્થિતિમાં દર્દીની હાલત ગંભીર થઇ શકે છે. આવું કઇપણ થાય ત્યારે તુરંત જ સ્પેશ્યાલિસ્ટ ડોકટરનો સંપર્ક સાધવો જોઇએ તેવી સલાહ તેમણે આપી હતી.

ડો. ચંદ્રકાંત ઘેવરીયાએ કોરોના દરમ્યાન ફેફસામાં થતા ઇન્ફેકશનથી બચવા માટે માહિતી આપી હતી. તેમણે કોવિડની બીજી લહેર વિશે જણાવ્યું હતું કે, કોરોના વાયરસની ક્ષમતા વધી ગઇ છે અને તેને કારણે વધારે લોકો બિમાર પડી રહયા છે. કોરોનાની પહેલી લહેરમાં ૪૫થી વધુની ઉંમરવાળી વ્યકિતઓને કોરોના થતો હતો. જ્યારે બીજી લહેરમાં કોરોનાએ ૪૫થી ઓછી ઉંમરના યુવા વર્ગને બાનમાં લીધા હતા. બીજી લહેરમાં યુવાઓને કોરોના વધારે થયો હતો અને મૃત્યુ પણ થયા હતા. આથી તેમણે દરેક વયની વ્યકિતઓને કોરોનાથી બચવા માટે વેકસીન લેવાની સલાહ આપી હતી.

ડો. નિશ્ચલ ચોવટીયાએ મ્યુકરમાઇકોસિસ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જે વ્યકિતની રોગપ્રતિકારક શકિત ઘટે, સુગર લેવલ વધારે થાય અને લાંબા સમય સુધી તેને સ્ટીરોઇડ આપવામાં આવે ત્યારે તેને મ્યુકરમાઇકોસિસ બિમારી થવાની શકયતા વધી જાય છે. પહેલા પણ મ્યુકરમાઇકોસિસમાં દેખાતું બ્લેક ફંગસનું ઇન્ફેકશન હતું પરંતુ તે રેર ગણાતું હતું. પરંતુ હાલમાં ડાયાબિટીઝ, કોરોના પોઝિટિવ અને સ્ટીરોઇડ લેનારા દર્દીઓમાં ફંગલ ઇન્ફેકશન થવાની શકયતા વધારે રહે છે. આથી જ તો સ્ટીરોઇડનો દૂરોપયોગ અટકાવવો જરૂરી છે. જેને કોરોનાનું માઇલ્ડ ઇન્ફેકશન હોય અને ઓકિસજન લેવલ બરાબર રહેતું હોય તો સ્ટીરોઇડ આપવી એ ફાયદા કરતા નુકસાન વધારે કરે છે.

ડાયાબિટીઝના દર્દીઓએ કોરોના થાય ત્યારે શું કાળજી લેવી જોઇએ? તે વિશે તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે કહયું હતું કે, સુગર લેવલ વધતું હોય ત્યારે એગ્રેસીવ મેનેજમેન્ટ કરવું પડતું હોય છે. આથી બધાએ માસ્ક પહેરવા જોઇએ અને ચોખ્ખાઇ રાખવી જોઈએ. કોરોનામાં બિનજરૂરી સ્ટીરોઇડનો ઉપયોગ ટાળવો જોઇએ. સ્ટીરોઇડ ત્યારે જ લેવી જ્યારે ઓકિસજન લેવલ ઓછું થાય અને ઓકિસજન આપવાની જરૂર પડે. સ્ટીરોઇડ સ્પેશ્યાલિસ્ટ ડોકટરની સલાહ મુજબ જ લેવું જોઇએ. સ્ટીરોઇડ લેતી વખતે સુગર ચેક કરવું અને સુગર કન્ટ્રોલ માટે ડોકટરની સલાહ મુજબ જ ઇન્સ્યુલિન કે અન્ય દવા લેવી જોઇએ.

ચેમ્બરના માનદ્ ખજાનચી મનિષ કાપડીયાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની નેરો ફેબ્રિક્સ કમિટીના ચેરમેન ડો. ગૌતમ સિહોરાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ગૃપ ચેરમેન પરેશ લાઠીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.